# SARDAR PATEL UNIVERSITY

**VALLABH VIDYANAGAR- 388 120 (GUJARAT) INDIA**
**NAAC Accredited with Grade 'A' (CGPA 3.25) (23-01-2017 to 22-01-2022)**
**Website : www.spuvvn.edu** **Phone : 91-02692- 226807**


## પરિપત્ર

શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૦૨૩ માટે અનુસ્નાતક અભ્યાસક્રમોનાં ઓનલાઈન સેન્ટ્રલાઈઝડ પ્રવેશ પ્રક્રિયા માટે પ્રવેશ ફોર્મનાં વેરીફીકેશન અર્થે વિદ્યાર્થીઓએ તમામ અસલ દસ્તાવેજો યુનિવર્સિટી માન્ય હેલ્પ સેન્ટર ખાતે ચકાસણી કરાવવાનાં હોય છે. પરંતુ ગુજરાત રાજ્યની અન્ય યુનિવર્સિટીઓનાં પરિણામ હાલ જાહેર થયેલ છે તેથી વિદ્યાર્થીઓને અસલ માર્કશીટ મળેલ નથી. જેને કારણે વિદ્યાર્થીઓનાં પ્રવેશ ફોર્મનાં વેરીફીકેશન કરાવવામાં મુશ્કેલીઓ આવે છે. તેથી આવા સંજોગોમાં ગુજરાત રાજ્યની અન્ય યુનિવર્સિટીઓમાંથી આવતાં વિદ્યાર્થીઓનાં પ્રવેશ ફોર્મની ચકાસણી યુનિવર્સિટી માન્ય હેલ્પ સેન્ટર દ્વારા નીચેની શરતોને આધિન કરવાની રહેશે.

**શરતોઃ**

૧) ગુજરાત રાજ્યની અન્ય યુનિવર્સિટીઓમાંથી આવતાં વિદ્યાર્થીઓ કે જેઓની અસલ માર્કશીટ ન હોય અને ઓનલાઈન (ઈન્ટરનેટ માધ્યમ વાળી) માર્કશીટ હોય તેવા વિદ્યાર્થીઓએ જે-તે કોલેજનાં આચાર્યશ્રી/વડાશ્રી/નિયામકશ્રીની અસલ સહિ સિક્કા વાળી માર્કશીટ રજૂ કર્યેથી પ્રવેશ ફોર્મનું વેરીફીકેશન કરવાનું રહેશે.

૨) વિદ્યાર્થી દ્વારા તમામ સેમેસ્ટર પાસ કર્યા અંગેની અસલ માર્કશીટ રજૂ કર્યેથી પ્રવેશ ફોર્મનું વેરીફીકેશન કરવાનું રહેશે. (અસલ માર્કશીટ ન હોય તેવા સંજોગોમાં જે-તે કોલેજનાં આચાર્યશ્રી/વડાશ્રી/નિયામકશ્રીની અસલ સહિ સિક્કા વાળી માર્કશીટ લેવાની રહેશે.)

૩) વિદ્યાર્થીએ તેઓ દ્વારા પાસ કરેલ તમામ સેમેસ્ટરનાં સેમેસ્ટર ગ્રેડ પોઈન્ટ એવરેજ **(SGPA)** તેમજ અંતમાં ક્મ્યુલેટીવ ગ્રેડ પોઈન્ટ એવરેજ **(CGPA)** ની ગણત્રી કરી અલગ કોષ્ટક દ્વારા જે - તે કોલેજનાં વડાશ્રી/આચાર્યશ્રી/નિયામકશ્રીની અસલ સહિ સિક્કા સાથે રજૂ કરેલ કોષ્ટકને ધ્યાને લઈ પ્રવેશ ફોર્મનું વેરીફીકેશન કરવાનું રહેશે.

૪) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનાં વિદ્યાર્થીઓની માર્કશીટમાં જો એ.ટી.કે.ટી દર્શાવેલ હોય અને સેમેસ્ટર પાસ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓએ તેઓની યુનિવર્સિટીમાંથી સેમેસ્ટર પાસ કર્યા અંગેનું અસલ સહી સિક્કાવાળું પ્રમાણપત્ર રજૂ કર્યેથી પ્રવેશ ફોર્મનું વેરીફીકેશન કરવાનું રહેશે.

૫) ઉપરોક્ત ઓનલાઈન (ઈન્ટરનેટ માધ્યમ વાળી) માર્કશીટમાં જો કોઈ ચેડાં/સુધારો માલુમ પડશે તો તેવા સંજોગોમાં વિદ્યાર્થીનો પ્રવેશ રદ કરવામાં આવશે.

૬) વિદ્યાર્થી દ્વારા પ્રવેશ ફોર્મ વેરીફીકેશન કરાવ્યા બાદ પ્રવેશ સમયે જે-તે વિભાગ/કોલેજ/ઈન્સ્ટીટ્યુટ ખાતે તમામ અસલ માર્કશીટો તેમજ પ્રમાણપત્રો રજૂ કરવાનાં રહેશે. જો આમ કરવામાં કસૂર કરવામાં આવશે તો વિદ્યાર્થીનો પ્રવેશ રદ કરવામાં આવશે.

કા/ઈ/૨૦/૧૬૬૯
વ.વિ.નગર
તા.૦૭.૦૬.૨૦૨૨

કાર્યકારી કુલસચિવ

**નકલ સવિનય રવાનાઃ**

૧) યુનિવર્સિટી માન્ય હેલ્પ સેન્ટર તરફ આગળની ઘટિત કાર્યવાહી અર્થે.

૨) નિયામકશ્રી, કોમ્પ્યુટર સેન્ટર, સરદાર પટેલ યુનિવર્સિટી તરફ યુનિવર્સિટી વેબસાઈટ ઉપર અપલોડ કરવા સારૂ.